| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૧૬/૧૦/૨૦૧૫ | | |
| નોંધ્યા તારીખ | ૧૬/૧૦/૨૦૧૫ | | |
| નિકાલ તારીખ | ૦૯/૦૪/૨૦૨૬ | | |
| અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૧૦ | ૦૫ | ૨૪ |

**<u>મહે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, વિસનગર</u>**

**ક્રિમિનલ કેસ નંબર– ૧૬૬૧/૨૦૧૫.**

**આંક:–**

**ફરીયાદી:–** પટેલ સતિષભાઈ જેસંગભાઈ, ઉં.વ.આ.૪૩,
ધંધો.વેપાર,
રહે.દેણપ, હે.સિધ્ધેશ્વરીનગર,
તા.વિસનગર, જિ.મહેસાણા.

**<u>વિરૂધ્ધ</u>**

**આરોપી:–** પટેલ અલ્પેશકુમાર દશરથલાલ,
ધંધો.વેપાર,
રહે.દેણપ, હે.ચંદરીપુર,
તા.વિસનગર, જિ.મહેસાણા.

**<u>ગુનો: ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટ ની કલમ–૧૩૮ મુજબ.</u>**

ફરીયાદી તરફે વિ.વ.શ્રી જે.બી.રાજપુત
આરોપી તરફે વિ.વ.શ્રી વી.સી.પટેલ

**જજમેન્ટ**

(૧) આ કામે ફરીયાદીની ટૂંક હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી દેણપ તા.વિસનગર મુકામે રહે છે અને વેપાર કરી પોતાનું ગુજરાન ચલાવે છે. આ કામના આરોપી ફરીયાદીના મિત્ર થતા હોઈ અવાર નવાર મળવાનું થતાં ગાઢ સબંધો કેળવાયેલા હોઈ આ કામના આરોપી ફરીયાદીને સારી રીતે ઓળખે છે. આરોપીએ ફરીયાદી પાસે અંગત કામ સારુ નાણાંની


(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

એકાએક જરૂરીયાત પડતાં રૂા. ૨,૫૦,૦૦૦/– પુરાની હાથ ઉછીનાની માં ગણી કરતા ફરીયાદીએ તા.૧૮/૦૬/૨૦૧૫ નારોજ રૂા.૨.૫૦,૦૦૦/– પુરા રોકડા આરોપીને હાથ ઉછીના બે માસ માટે આપેલા.

ત્યારબાદ બે માસ નો સમય પુરો થતાં ફરીયાદીએ આરોપી પાસે કાયદેસરની લેણી રકમ રૂા. ૨,૫૦,૦૦૦/– પુરાની વારંવાર ઉઘરાણી કરતાં ફરીયાદીને સદર લેણી રકમ પેટે ભારતિય સ્ટેટ બેંક વિસનગર શાખાનો ચેક નં. ૧૪૫૬૦૪ નો તા.૧૮/૦૮/૨૦૧૫ નારોજની પાકતી તારીખનો આરોપીએ ફરીયાદીના નામનો અને ફરીયાદીની રૂબરૂમાં સહી કરીને ફરીયાદીને આપેલો અને આરોપીએ ફરીયાદીને જણાવેલ કે ચેક પાકતી તારીખે અગર ત્યારબાદ બેંકમાં ભરોશો તો સદર લેણી રકમ તુરત જ જમા મળી જશે તેમ કહી આરોપીએ ફરીયાદીને વિશ્વાસ અને ભરોશો આપેલો અને આરોપીએ આપેલ ચેક ફરીયાદીએ તા.૧૮/૦૮/૨૦૧૫ નારોજ દેના બેંક, દેણપ શાખામાં જમા કરાવતાં કારણ ''ફન્ડ ઈનસફીસીયન્ટ'' ના શેરા સાથે તા. ૨૦/૦૮/૨૦૧૫ નારોજ સ્વીકારયા સિવાય પરત ફરેલ છે. જેની જાણ ફરીયાદીને બેંકે કરેલી અને ફરીયાદીને સદર લેણી રકમ જમા મળેલ નહીં. જેથી ફરીયાદીએ આરોપીને તા. ૩૧/૦૮/૨૦૧૫ નારોજ કાયદેસરની નોટીસ આપેલ છે અને સદર નોટીસ તા. ૦૩/૦૯/૨૦૧૫ નારોજ આરોપીને નોટીસ બજી ગયેલ હોવા છતાં આરોપીએ ફરીયાદીની લેણી રકમ ચુકવી આપેલ ન હોય કે નોટીસ મુજબનું કોઈ વર્તન કરેલ ન હોય જેથી ફરીયાદીએ હાલની ફરીયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ અન્વયેની અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) આ કામે આરોપીને પુરસીસની બજવણી થતાં હાજર થતાં આરોપીને નકલો આપ્યા બાદ આંક–૦૫ થી આરોપીની પ્લી મારા પુરોગામી


(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

મેજિસ્ટ્રેટશ્રીએ લેતાં આરોપીએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરેલ હોય સદરહુ કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| ક્રમ | આંક | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૨૧ | ફરિયાદી પટેલ સતિષભાઈ જેસંગભાઈનો સોગંદ પરનો પુરાવોફરીયાદી તરફે સાહેદ આર શ્રીધર રાવનો સોગંદ પરનો પુરાવો |
| ૨ | ૭૪ | ફરીયાદી તરફે સાહેદ આર શ્રીધર રાવનો સોગંદ પરનો પુરાવો |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| ક્રમ | આંક | દસ્તાવેજનુ વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૫ | અસલ ચેક |
| ૨ | ૧૬ | રીટર્ન મેમો |
| ૩ | ૧૭ | બેંકનુ પત્ર |
| ૪ | ૧૮ | નોટીસ |
| ૫ | ૧૯ | પોસ્ટની પાવતી અસલ |
| ૬ | ૨૦ | એકનોલેજમેન્ટ |
| ૭ | ૫૮ | ફરીયાદીના નામની જમીનની ખાતાવાહી તથા રેવન્યુ રેકર્ડ |

(૪) ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આ કામના આરોપીનુ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપીએ ફરિયાદની હકીકતનો ઈન્કાર કરેલ છે અને પોતાને સોંગદ ઉપર પુરાવો આપવો નથી તેમજ બચાવના સાહેદો તપાસવાના નથી અને વિશેષમા જણાવેલ છે કે કાયદેસરનુ કોઇ લેણુ ન હોવા


(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

છતાં ખોટી ફરીયાદ કરેલ છે.

(૫) આ કામે આરોપી દ્વારા નીચે મુજબનો કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(૬) આ કામે ફરિયાદ પક્ષ તરફે વકીલશ્રીએ મૌખિક દલીલોમાં જણાવે છે કે ધી નેગો ઇનસ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ ના અનુમાન પર આધાર રાખે છે અને આ કામે રજુ કરેલ દસ્તાવેજો ઉપર આધાર રાખી જણાવે છે કે આ કામના આરોપીને કાયદાકીય જોગવાઇઓ મુજબ મહત્તમ સજા કરવી જોઇએ. ફરિયાદીના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સામે આરોપી પક્ષ દ્વારા કોઈ ખંડનાત્મક પુરાવો રજુ રાખેલ ન હોય જેથી ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરેલ હોય આરોપીને કાયદામાં નિયત કરેલ મહત્તમ સજા કરવા તેમજ ચેક મુજબની રકમ નો દંડ તેમજ ચેક મુજબની રકમ વળતર તરીકે આપવા અરજ કરેલ છે.

(૭) આ કામે આરોપી પક્ષ તરફે વકીલશ્રીએ મૌખિક દલીલોમાં જણાવે છે કે આ કામે ફરીયાદીએ આરોપીના ચેકનો ખોટી રીતે દુરપયોગ કરી હાલની ખોટી ફરીયાદ કરેલ છે અને આરોપીએ ફરીયાદી પાસેથી કોઇ નાણાં લીધેલ નથી.

(૮) આ કેસના નિર્ણય માટે નીચે મુજબનો મુદ્દો ઉપસ્થિત થાય છે.

// મુ દ્દા ઓ //

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આરોપીએ ફરિયાદીને રૂા. ૨,૫૦,૦૦૦/– પુરાની વારંવાર ઉઘરાણી કરતાં ફરીયાદીને સદર લેણી રકમ પેટે ભારતિય સ્ટેટ બેંક વિસનગર શાખાનો ચેક નં. ૧૪૫૬૦૪ નો તા.૧૮/૦૮/૨૦૧૫ નારોજની પાકતી તારીખનો આરોપીએ ફરીયાદીના નામનો અને ફરીયાદીની રૂબરૂમાં સહી


(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

કરીને ફરીયાદીને આપેલો તે ચેક ફરિયાદીએ તેમની બેંકમાં જમા કરાવતા '' ફંડસ ઈનસફીસીયન્ટ '' શેરા તા.૧૬/૦૮/૨૦૨૧ સાથે ચેક પરત ફરતા ફરિયાદીએ આરોપીને કાયદેસરની નોટીસ આપવા છતાં આરોપીએ ચેકના નાણાં ના ચુકવી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

**(૯)** ઉપરોક્ત મુદ્દા પરત્વેના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

// **<u>કારણો</u>** //

**(૧૦)** સદર કામે ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાની ચર્ચા કરતા પહેલા કાયદાકીય જોગવાઈ જયારે લેવી આવશ્યક છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ ૧૩૮ ની જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક છે. જેના તત્વો નીચે મુજબ છે.

**ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ ૧૩૮ ના આવશ્યક તત્વો :-**

૧. આરોપીએ તેમના દ્વારા લખવામાં આવેલ ખાતામાંથી ફરિયાદીને નાણાં ચૂકવવા ચેક આપેલ.

૨. આરોપીએ ફરિયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક જે તારીખે લખ્યું તે તારીખ થી ૩ માસ ની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પિરિયડ બંનેમાંથી જે વહેલા હોય તે સમય મર્યાદામાં રજૂ કરવામાં આવેલ છે.

૪. તે ચેક આરોપીના ખાતામાં અપૂરતા ભંડોળના કારણે પરત ફરેલ છે.



(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

૫. ચેક પરત થયા ની માહિતી મળ્યા બાદ ફરિયાદીએ નાણાની માંગણી લેખિતમાં કરેલી હતી.

૬. તેઓની નોટિસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણા સમય મર્યાદામાં ચૂકવી આપેલ નથી.

<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ ના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે, જેમાં પ્રથમ અનુમાન કલમ ૧૧૮ અન્વયે તથા બીજું અનુમાન કલમ 139 અન્વયે કરવાનું રહેશે.</u>

## ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૧૮ ધ્યાને લઈએ તો :–

<u>કલમ – ૧૧૮ – વટાવખત વિશે માની લેવાની બાબત...</u>

એથી વિરુદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

ક) દરેક વટાવખત અવેજ ને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું અને આવું દરેક ખત જ્યારે તે સ્વીકારવામાં આવ્યું હોય તો તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોત તે વટાવવામાં આવ્યું હોય તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય તે અવેજને માટે સ્વીકાર્યું હતું તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબિયત કર્યું હતું.

ખ) તારીખ વિશે :–

જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાવ ખત એ તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

ગ) સ્વિકારવાના સમય વિશે :–

સ્વીકારેલું દરેક વિનિમય પત્ર તેની તારીખ પછી એને તે પાકિયાની તારીખ પહેલા વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું

ઘ) તબદીલના સમય વિશે :–

કોઈ વટાવ ખતની દરેક તબદીલ તે ખત પાક્યા ની તારીખ પહેલા થઈ હતી.

ચ) શેરાઓના ક્રમ વિશે :–

ખોવાઈ ગયેલી પ્રોમિસરી નોટ, વિનિમય પત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

જ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે :–



(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

કોઈ વટાવ ખતનો ધારક યથાગ્રામ ધારક છે પરંતુ જ્યારે તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યક્તિ પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજ ને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાનુક્રમે ધારક છે એમ સાબિત કરવાનું બોજો તેના ઉપર છે.

**ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૯ –**

ચેકના ધારણ કરતાની તરફેણમાં અનુમાન :–

વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ ૧૩૯ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પૂરેપૂરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુક્ત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેલ ચેક વર્તમાન લેણાનો કે જવાબદારી પૂરી કરવા માટેનો હતો પરંતુ અનુમાન કરીને દેવા પરત્વેનો ન હતો તે ચેક આપનાર ઉપર છે.

**(૧૧)** સદર કામે ફરિયાદ પક્ષે આંક–૨૧ થી પટેલ સતિષભાઈ જેસંગભાઈએ સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે જેમાં ફરિયાદને અનુરૂપ હકીકતો જણાવેલ છે અને મુખ્યત્વે એવુ જણાવે છે કે ફરીયાદી વિસનગર મુકામે રહીએ છીએ અને આરોપી ફરીયાદીના મિત્ર થતા હોવાથી સારી રીતે ઓળખીએ છીએ અને અંગત કામ સારું નાણાંની એકાએક જરૂરિયાત ઉભી થતાં ફરીયાદી પાસે રૂા. ૨,૫૦,૦૦૦/– ની માંગણી કરેલ જેથી ફરીયાદીએ રૂા. ૨,૫૦,૦૦૦/– બે માસ માટે હાથ ઉછીના આપેલા અને સમય પુરો થતાં કાયદેસરના નાણાંની માંગણી કરતાં આરોપીએ નાણાં આપતાં ન હોવાથી કડક ઉઘરાણી કરે તો આરોપીએ ભારતિય સ્ટેટ બેંક વિસનગર શાખાનો ચેક નં. ૧૪૫૬૦૪ નો તા.૧૮/૦૮/૨૦૧૫ નારોજની પાકતી તારીખનો આપેલો અને સદર ચેક ફન્ડ ઈનસફીસીયન્ટ ના શેરા સાથે તા.


(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

૨૦/૦૮/૨૦૧૫ નારોજ રીટર્ન મેમાથી પરત ફરેલ. જેથી તા. ૩૧/૦૮/૨૦૧૫ નારોજ આર.પી.એડી.થી નોટીસ મોકલાવેલ જે આરોપીને તા. ૦૩/૦૯/૨૦૧૫ નારોજ તેમના ઘરના સરનામે બજી ગયેલ છે. ફરિયાદીએ તેમની આ જુબાનીના સમર્થનમાં આંક–૧૫ થી આ ચેક રજુ કરેલ છે. આંક–૧૫ વાળા ચેકમાં આરોપીની સહી ના હોવાની કોઈ તકરાર લેવામાં આવેલી નથી. આંક–૧૫ વાળો ચેક આરોપીના ખાતાનો અને તેમાં આરોપીની સહી હોવાની ફરિયાદપક્ષના સાહેદની જુબાની ના માનવાને કોઈ કારણ નથી. આમ, ફરિયાદપક્ષના સાહેદની જુબાનીથી આંક–૧૫ વાળો તકરારી ચેક આરોપી દ્વારા નિભાવવામાં આવતા ખાતાના છે અને તેમાં આરોપીની સહી હોવાનુ પુરવાર થાય છે.

આ કામે આરોપીના વિ.વ.શ્રી દ્વારા સદર સાહેદની ઉલટતપાસ લેવામાં આવેલ જેમાં તેઓએ જણાવેલ છે કે, 'હાલમાં હું દેણપ મુકામે રહી ખેતી તથા દલાલી કરું છું. હું જમીનની દલાલી કરું છું. અમો ત્રણ ભાઈઓ છીએ અને છ–સાત વીઘા જમીન દેણપ ગામમાં આવેલી છે. જમીન સંયુક્ત છે અને સંયુક્ત કુટુંબમાં રહીએ છીએ. એ વાત ખરી છે કે, શેનો વેપાર કરું છું તે ફરીયાદમાં જણાવેલ નથી. જમીનના ૭–૧ ૨ ના ઉતારામાં મારા પિતાનું નામ ચાલે છે. આ જમીન અમો ઘરે સંયુકત કુટુંબમાં વાવીએ છીએ. તેમાંથી થતી ઉપજ ગંજ બજારમાં વેચીએ છીએ તેના અમુક બીલો મારી પાસે છે. ૭–૧૨ ના ઉતારા અને બીલો હું રજુ કરવા ખુશી છું. આજરોજ અસલ ૭/૧૨ ના ઉતારા સાથે લાવેલ છુ જેને સંયુકત દાખલઆંક. ભા આપવામાં આવે છે. એ વાત ખરી છે કે આ વ્યવહાર સિવાય આરોપી સાથે મારે બીજો કોઈ લેવડ દેવડનો વ્યાપક અ થયેલ નથી.એ વાત ખરી છે કે આરોપી મારી પાસે કઈ તારીખે પૈસા માંગવા આવ્યા તેવુ મે મારી ફરીયાદમાં જણાવેલ નથી.એ વાત ખરી છે કે સદર નાણાં કયાંથી લાવેલા તે મૈં મારી ફરીયાદમાં જણાવેલ નથી સાહેદ જણાવે છે કે મારી પાસે રોકડા પડેલા.એ વાત ખરી છે કે આ ફરીયાદ સિવાય મૈં વિસનગર કોર્ટમાં ચેક રીટર્નની ફરીયાદ કરેલી છે. કોના કોના વિરુધ્ધ ફરીયાદ કરેલી જે હાલમાં યાદ નથી પરંતુ હવે જણાવુ છુ


(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

કે નામે દિપકભાઈ વિઠ્ઠલભાઈ, જશુભાઈ ગણપતભાઈ વિરુધ્ધ કરેલી.આરોપીને નાણાં આપ્યા તે વખતે મેં કોઈ લખાણ કે કંઈપણ લીધેલ નહી સાહધ જણાવે છે કે થોડા દિવસ પછી ચેક આપી ગયેલા.મેં આરોપીને નાણાં આપ્યા ત્યારે અમાચ બે સિવાય બીજુ કોઈ હાજર ન હતુ.એ વાત ખરી નથી કે હુ વિસનગરમાં ફાયનાન્સ પેઢી ધવુ છુ.મારી વાર્ષિક ચાર થી પાંચ લાખ ઈન્કમ છે.મારો વાર્ષિક ફેમીલી ખર્ચ બે લાખ રુપિયા થાય છે. હું છેલ્લા પાંચ–છ વર્ષ થી ઈન્કમટેક્ષ રીટર્ન ભરુ છુ.એ વાત ખરી છે કે હુ ઈન્કમટેક્ષ રીટર્ન ભરતો હોડ લી જી મારે કોઈ વ્યકતી સાથેની લેવડ દેવડ ઈન્કમટેક્ષ રીટર્નમાં બતાવવી પડે.આરોપીને આપેલ બે લાખ પચાસ હજાર મેં ઈન્કમટેક્ષ રીટર્નમાં બતાવેલા નથી.જો આટલી રકમ બેંકમાં મુકવામાં આવેત બેંક વ્યાજ આપે.મારે વિસનગરમાં બેંક ઓફ બરોડામાં એકાઉન્ટ આવેલ છે.એ વાત ખરી છે કે કોઈ પણ વ્યકતીને વીસ હજારથી વધાર નાણાં ચુકવવા હોય તો ચેક થી આપવા પડે.એ વાત ખરી છે કે ચેક ભર્યો તેની ભરણાં સ્લિપ આ કામે રજુ નથી. ચેકમાં સહી તથા લખાણ અલગ અલગ પેન થી લખેલ છે તે બાબતે સાહેદ જણાવે છે કે ચેક ભરીને લઈને આવેલો અને સહી મારી સામે કરેલી. એ વાત ખરી છે કે ચેક ઉપર મીસ્ટર(એમ.આર) અલ્પેશકુમાર દશરથલાલએવું તખેલજ છે.એ વાત ખરી છે કે ચેક બેંકમાં ભર્યો તે બાબતે કોઈ પુરાવો રજુ કરેલ નથી.એ વાત ખરી નથી કે ચેક રીટર્ન થચા બાબતની કોઈ કાનુની નોટીસ આપેલી નથી.એ વાત ખરી છે કે એકનોલેજમેન્ટમાં અલ્પેશભાઈની સહી નથી સાહેદ જણાવે છે કે તેની મમ્મીની સહી છે.એ વાત ખર નથી કે અલ્પેશભાઈને કોઈ રોકડ રકમ આપેલી નથી.એ વાત ખરી નથી કે અલ્પેશભાઈ પાસેથી ઘણાબધા રુપિયા વ્યાજ પેટે લીધેલા છે.એ વાત ખરી નથી કે આરોપી પાસે કોઈ લ્હેણુ ન હોવા છતાં હાલની ખોટી ફરીયાદ કરેલ છે.'

આમ, સદર ફરીચાદી સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતા ફરીચાદીએ ફરીયાદને અનુરૂપ સરતપાસના સોગંદનામા આપેલ છે અને તેઓની નાણાંકીય ક્ષમતા બતાવવા સારુ ઈનકમ ટેક્ષ રીટર્ન ભરે છે અને ખેતીની જમીન બાબતે રેવન્યુ રેકર્ડ રજુ કરેલ છે. વધુમાં ઉલટતપાસમાં એવી કોઇ


(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

ખંડનાત્મક હકીકત રેકર્ડ પર આવેલ નથી જેનાથી ફરીયાદ હકીકત ની સત્યતા અથવા વિશ્વસનીયતા પર શંકા ઉદ્ભવે.

**(૧૨)** આ કામે ફરિયાદીએ આંક–૭૪ થી તેમના સાક્ષી આર.શ્રીધર રાવ ચીફ મેનેજર સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા ને તપાસેલ છે અને તેઓએ સરતપાસમાં જણાવેલ કે "હુ આજરોજ નામ. કોર્ટનો સમંસ બજતા નામ. કોર્ટમાં હાજર થયેલ છું. હું એસ.બી.આઈમાં (મેઈન બ્રાન્ચ) માં ચીફ મેનેજર તરીકે ફરજ બજાવુ છુ. હુ એકાઉન્ટ નંબર – ૩૧ ૩૯૭૪૨૭૬૭૬ ના ખાતાની અરજી લઈને આવેલ છુ જે ખાતુ પટેલ અલ્પેશકુમાર દશરથલાલ નું ૭. સદર અરજીમાં પટેલ અલ્પેશકુમાર દશરથભાઈ ની સહી તથા સરનામું છે. સદર અરજી સાથે ઓળખકાર્ડ તથા રાશનકાર્ડ રજુ કરેલ છે. સદર અરજી તથા દસ્તાવેજોને સંયુકત દાખલ આંક–૭૫ આપવામાં આવે છે. આજ રોજ મારી સાથે પટેલ અલ્પેશકુમાર દશરથલાલને ઈસ્યુ કરેલ ચેકબુકનુ સ્ટેટમેન્ટ લાવેલ છુ જેમાં ક્રમ સંખ્યા ૨ ઉપર ૧૪૫૬૦૧ થી ૧૪૫૬૫૦ ની ચેકબુક તા. ૨૦/૧/૨૦૧૩ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલ છે. આજ રોજ મારી સાથે સદર ચેકબુકનુ સર્ટીફાઈડ સ્ટેટમેન્ટ લાવેલ છુ જે નામકોર્ટ માં રજુ કરુ છુ જે ને રજુ દાખલ આંક– ૭૬ આપવામાં આવે છે. મને આંક –૧૫ વાળા ચેક બતાવવામાં આવે છે સદર ચેક અમારી બ્રાન્ચ ના ખાતાધારક પટેલ અલ્પેશકુમાર દશથલાલ ને આપવામાં આવેલ હતા અને જે આંક–૧૬ રીટર્ન મેંમો અનસફીસયન્ટ ના શેરા સાથે પરત ફરેલ છે તેમાં અમારી બ્રાન્ચ ના સહી સીકકા છે."

આ કામે આરોપીના વિ.વ.શ્રી દ્ધારા સદર સાહેદની ઉલટતપાસ લેવામાં આવેલ જેમાં તેઓએ જણાવેલ છે કે, 'તા. ૧૮/૮/૧૫ ના રોજ ચેક કલીયર્રેસ માટે આવેલા ત્યારે પટેલ અલ્પેશકુમાર દશરથલાલ ના એકાઉન્ટ નંબર ૩૧૩૯૭૪૨૭૬૭૬માં "0" ઝીરો બેલેન્સ હતુ અને સદર એકાઉન્ટ સ્ટેટમેન્ટ લાવેલ છુ જે રજુ દાખલ આંક–૭૭ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે સદર સ્ટેટમેન્ટમાં તા.૧/૩/૧૫ સુધીનુ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આંક ૭૭વાળી સ્ટેટમેન્ટ તા.૧૦/૧૦/૨૦૧૦ થી


(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

૧૬/૭/૨૦૨૫ સુધની છે અને તા.૧/૩/૨૦૨૫ ના રોજ છેલ્લી ટ્રન્જેક્શન પછી આજદીન સુધી બીજી કોઇ ટ્રન્જેખ્શન થયલે ન હોવાથી સ્ટેટમેન્ટમાં દર્શાવેલ નથી. કોઈ પણ ખાતા ચાલુ રાખવા માટે શુન્ય બેલેન્સથી પણ કાતાને ચાલુ રાખી શકાય છે. એ વાત ખરી છે કે તકરારી ચેકના સમયે સદર બ્રાન્ચમાં ફરજ બજાવતા ન હતા.

આમ, સદર ફરીયાદી સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતા ફરીયાદી ના સાહેદે આંક–૭૫ અને ૭૬ વાળા દસ્તાવેજ રજુ કરી પુરવાર કરે છે કે આ કામના તકરારી ચેક આરોપી પટેલ અલ્પેશકુમાર દશરથલાલને તેઓના ખાતા બાબતે ઈસ્યુ કરવામાં આવેલ હતા. વધુમાં સદર સાહેદની ઉલટતપાસમાં એવી કોઇ ખંડનાત્મક હકીકત આવેલી નથી કે સદર ચેક આરોપી ના નથી. વધુમાં આ કામના આરોપીએ તેમના વિશેષ નિવદેનમાં અસલ ચેક બાબતે ખોટા રજુ કરેલ હોવાનુ જણાવેલ પરંતુ સદર ચેક તેઓના નથી તેવુ જણાવેલ નથી.

વધુમાં, ચેકની કાયદેસરતા બાબતે તેમજ સહી કરેલ ચેકની વિગતો ભરવા અંગે નામદાર સર્વોચ્ચ અદાલતે **Bir Singh Vs. Mukesh Kumar, 2019-AIR(SC)-0-2446** ના ચુકાદામાં પેરા નં ૩૨ થી ૩૬ માં જે અવલોકન કરેલ છે તે નીચે મુજબ છે.

*P*ara 32. The proposition of law which emerges from the judgments referred to above is that the onus to rebut the presumption under Section 139 that the cheque has been issued in discharge of a debt or liability is on the accused and the fact that the cheque might be post dated does not absolve the8 of the Negotiable Instruments Act.

Para 33. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a


(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.

Para 34. If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may filled up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.

Para 35. It is not the case of the respondent-accused that he either signed the cheque or parted with it under any threat or coercion. Nor is it the case of the respondent, accused that the unfilled signed cheque had been stolen. The existence of a fiduciary relationship between the payee of a cheque and its drawer, would not disentitle the payee to the benefit of the presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of evidence of exercise of undue influence or coercion. The second question is also answered in the negative.

Para 36. Even a blank cheque leaf, voluntarily signed and handed over by the accused, which is towards some payment, would attract presumption under Section 139 of the Negotiable Instruments Act, in the

absence of any cogent evidence to show that the cheque was not issued in discharge of a debt. drawer of a cheque of the penal consequences of Section 138 of the Negotiable Instruments Act.

આમ, ઉપરોકત ચુકાદાને ધ્યાને લેતાં નામદાર સુપ્રિમકોર્ટે એવું ઠરાવેલ છે કે જયારે ચેકમાં હકીકતો બીજા કોઈ વ્યકિત ધ્વારા ભરવામાં આવેલ હોય અને આરોપી દ્વારા સ્વેચ્છાએ હસ્તાક્ષર કરી ચેક આપવામાં આવેલ હોય, આરોપી ના કોઈપણ ખંડનાત્મક પુરાવાની ગેરહાજરીમાં, તે નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એકટની કલમ–૧૩૯ હેઠળ કાયેદસરના દેવા માટે આપવામાં આવેલ છે તે અનુમાન કરવામાં આવશે.

આમ, ઉપરોકત ચુકાદા માનસહ વંચાણે લેતાં અને સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં સદર ફરીયાદી વિસનગર મુકામે રહે છે અને આરોપીએ સદર રકમ ચુકવવા તેમના ભારતિય સ્ટેટ બેંક વિસનગર શાખાનો ચેક નં. ૧૪૫૬૦૪ નો રૂા. ૨,૫૦,૦૦૦/– નો તા.૧૮/૦૮/૨૦૧૫ નારોજની પાકતી તારીખનો અને તેને સમર્થન કરતાં અસલ ચેક આ કામે રજુ કરેલ છે અને આ કામે આંક–૧૫ વાળા તકરારી ચેક બાબતે આરોપીને ફરીયાદી દ્વારા નોટીસ આપવામાં આવેલ પરંતુ સદર નોટીસના જવાબ આરોપીએ આપેલ નથી કે તે બાબતે કોઈ વધુ ખુલાસા તેઓએ કરેલ નથી.

(૧૩) નામદાર ગુજરાત હાઈકોર્ટનો "**ગીરીશભાઈ નટવરભાઈ પટેલ વિ.ગુજરાત રાજય, ૨૦૦૬(૧) જી.એલ.આર. ૭૮૬**" ચુકાદો જોતા નામદાર ગુજરાત હાઈકોર્ટે આ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે ચેકમાંની સહી આરોપીની હોવાનુ પુરવાર થાય ત્યારે અદાલતોએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયેનુ અનુમાન કરવાનુ રહે છે. વધુમાં **"કે.એન.બીના વિ. મુનીયપ્પન, ૨૦૦૧ ક્રિ.લો.જ. ૧૭૪૫"** ના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે તથા "**હીતેનભાઈ પારેખ પ્રોપરાઈટર–પારેખ**


(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

**એન્ટરપ્રાઈઝ વિ.ગુજરાત રાજય અને બીજાઓ, ૨૦૦૯(૩) જી.એલ.એચ. ૭૪૨**" ના ચુકાદામાં નામદાર ગુજરાત વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો સદરહુ કાયદાની કલમ–૧૩૯ હેઠળની જોગવાઈ મુજબ જયાં સુધી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં ન આવે ત્યાંસુધી ચેકના ધારણકર્તાને આવો ચેક કોઈ દેવુ અથવા અન્ય જવાબદારીની અદાયગી પેટે આપવામાં આવેલ છે તેવુ અદાલતે અનુમાન કરવાનુ જ રહે છે. હાલના કેસમાં આંક– ૧૫ વાળા તકરારી ચેકમાં આરોપીની સહી હોવાનુ પુરવાર થતુ હોય આંક– ૧૫ વાળો તકરારી ચેક આરોપીએ તેના કાયદેસરના દેવા/જવાબદારી પેટે ફરિયાદીને આપેલ હોવાનુ અનુમાન કરવાનુ રહે છે એટલે કે, તકરારી ચેક ફરિયાદીના કાયદેસર રીતે વસુલ કરી શકાય તેવા કાયેદસરના લેણાની ચુકવણી પેટે આરોપી દ્વારા આપવામાં આવેલ હોવાનુ અનુમાન કરવાનુ રહે છે.

**(૧૪)** વધુમાં ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયેનુ અનુમાન એ ખંડનીય અનુમાન છે, એટલે કે, આ અનુમાનથી વિરૂધ્ધનો પુરાવો રજુ કરવાથી અનુમાનનુ ખંડન થઈ શકે છે પરંતુ આ અનુમાનનુ ખંડન કરવાની જવાબદારી આરોપીપક્ષની છે અને તકરારી ચેક આરોપીએ તેના કાયદેસરના દેવા/જવાબદારી પેટે ફરિયાદીને આપેલ ન હતો તે પુરવાર કરવાની જવાબદારી આરોપી પક્ષ ઉપર રહેલી છે. વધુમાં કલમ–૧૩૯ અન્વયેનુ અનુમાન હકીકતોનુ અનુમાન નથી પરંતુ કાયદાનુ અનુમાન છે અને આથી જ કાયદાના આવા અનુમાનનુ ખંડન સંતોષકારક એવા પુરાવાઓથી આરોપીપક્ષે કરવાનુ રહે છે એટલે કે, આ અનુમાનનુ ખંડન વાજબી અને પ્રતિતિજન્ય રીતે થઈ શકે તેવો પુરાવો રેકર્ડ ઉપર લાવવાની જવાબદારી આરોપીપક્ષની છે.

આ અનુમાનનુ ખંડન થાય તેવો પુરાવો રેકર્ડ ઉપર લાવવા આરોપીએ જાતે જુબાની આપવી જરૂરી નથી કે તેને જાતે પુરાવો રજુ કરવો જરૂરી નથી

પરંતુ આ અનુમાનનુ ખંડન કરવા ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલા પુરાવા ઉપર પણ આરોપી આધાર રાખી શકે એટલે કે, તકરારી ચેક આરોપીએ તેના કાયદેસરના દેવા કે જવાબદારી પેટે આપેલ ના હોવાનો આરોપીનો બચાવ સાચો હોવાની પ્રતિતિ કરાવે તેવો અને વાજબી પુરાવો રેકર્ડ ઉપર આવેલો હોવો જોઈએ કે જે આરોપીપક્ષનો પુરાવો હોય કે ફરિયાદપક્ષનો પુરાવો હોય. તકરારી ચેક કાયદેસરના દેવા પેટે આપેલ ન હતો તેવુ આરોપીએ નિઃશંકપણે પુરવાર કરવાનુ હોતુ નથી પરંતુ સંભાવનાની પ્રબળતાના સિધ્ધાંતના આધારે તે નક્કી કરવાનુ રહે છે. આ અધિનિયમની કલમ–૧૩૯ હેઠળના કાનુની અનુમાનને આરોપીપક્ષ વાજબી અને પ્રતિતિજન્ય રીતે ખંડીત કરી શકેલ છે કે કેમ તે પ્રત્યેક કેસમાં રજુ થયેલ પુરાવાની વિગતો ઉપર અવલંબે છે.

(૧૫) આ કેસમાં રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા પહેલા નામદાર સર્વોચ્ચ અદાલતે કાયદાના અનુમાનનુ ખંડન કરવા સબંધે "**Dhanvantrai Balwantrai Desai v. State of Maharashtra, AIR 1964 SC 575**" ના ચુકાદામાં જે સમજ આપેલી છે તે ધ્યાને લેવી જરૂરી છે.

"12. ...........The burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under S. 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words ''unless the contrary is proved'' which occur in this provision make it clear that the presumption has to be rebutted by 'proof' and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before


(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exists. Unless, therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted."

નામદાર સર્વોચ્ચ અદાલતએ તેમના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે જયારે કાયદાની જોગવાઈમાં ''unless the contrary is proved'' શબ્દોનું પ્રયોજન કરવામાં આવેલ હોય ત્યારે આવા અનુમાનનું ખંડન માત્ર ખુલાસાઓથી નહીં પરંતું પુરાવાથી જ થઈ શકે.

(૧૬) નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના **"Hiten P. Dalal v. Bratindranath Banerjee, 2001 CRI. L. J. 4647"**ના ચુકાદામાં નોંધેલ છે કે,

"23. ............. In the case of discretionary presumption if drawn may be rebutted by an explanation which "might reasonable by true and which is consistent with the innocence" of the accused. On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under S. 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one......."


(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, કાયદાના અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ તેમના બચાવ માટે કરેલ ખુલાસો વાજબી અને સંભવિત હોવો તેટલું પુરતો નથી પરંતું આ ખુલાસો સાચો છે તેવું લાગવું જોઈએ.

(૧૭) ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ અન્વયેનુ કાયદાના અનુમાનનુ ખંડન કરવામાં આરોપી સફળ થયેલ છે કે નહી તે નક્કી કરવા કેસમાં રજુ થયેલ પુરાવાઓનુ મુલ્યાંકન આ કાયદામાં સુધારો જે હેતુથી કરવામાં આવેલો છે તે હેતુ ઘ્યાને રાખી અને નામદાર સર્વોચ્ચ અદાલતે જે ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ઘ્યાને લેવામાં આવે તો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ -૧૩૯ અન્વયેનું અનુમાન એ ખંડનીય અનુમાન છે, એટલે કે આ અનુમાનથી વિરૂઘ્ધનો પુરાવો રજુ કરવાથી અનુમાન નું ખંડન થઈ શકે છે. ઉભયપક્ષની દલીલો ઘ્યાને લેતાં નામદાર સર્વોચ્ચ અદાલતના "***M.S. Narayana Menon @ Mani vs State Of Kerala & Anr***" **AIR 2006 SC 3366**, ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો ઘ્યાને લેવા જરૂરી છે. અને સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે નોંઘેલ છે કે,

Applying the said definitions of 'proved' or 'disproved' to principle behind Section 118(a) of the Act, the Court shall presume a negotiable instrument to be for consideration unless and until after considering the matter before it, it either believes that the consideration does not exist or considers the non-existence of the consideration so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that the consideration does not



(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

exist. For rebutting such presumption, what is needed is to raise a probable defence. Even for the said purpose, the evidence adduced on behalf of the complainant could be relied upon.

A Division Bench of this Court in **Bharat Barrel & Drum Manufacturing Company v. Amin Chand Payrelal [(1999) 3 SCC 35]** albeit in a civil case laid down the law in the following terms:

"Upon consideration of various judgments as noted hereinabove, the position of law which emerges is that once execution of the promissory note is admitted, the presumption under Section 118(a) would arise that it is supported by a consideration. Such a presumption is rebuttable. The defendant can prove the non-existence of a consideration by raising a probable defence. If the defendant is proved to have discharged the initial onus of proof showing that the existence of consideration was improbable or doubtful or the same was illegal, the onus would shift to the plaintiff who will be obliged to prove it as a matter of fact and upon its failure to prove would disentitle him to the grant of relief on the basis of the negotiable instrument. The burden upon the defendant of proving the non-existence of the consideration can be either direct or by bringing on record the preponderance of probabilities by reference to the circumstances upon which he relies. In such an event, the plaintiff is entitled under law to rely upon all the evidence led in


(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

the case including that of the plaintiff as well. In case, where the defendant fails to discharge the initial onus of proof by showing the non-existence of the consideration, the plaintiff would invariably be held entitled to the benefit of presumption arising under Section 118(a) in his favour. The court may not insist upon the defendant to disprove the existence of consideration by leading direct evidence as the existence of negative evidence is neither possible nor contemplated and even if led, is to be seen with a doubt"

This Court, therefore, clearly opined that it is not necessary for the defendant to disprove the existence of consideration by way of direct evidence.

The standard of proof evidently is pre-ponderance of probabilities. Inference of pre-ponderance of probabilities can be drawn not only from the materials on records but also by reference to the circumstances upon which he relies.

**(૧૮)** આમ, ઉપરોકત ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ મુજબના અનુમાનનું ખંડન કરવા આરોપીએ જાતે જુબાની આપવી જરૂરી નથી કે તેને જાતે પુરાવો રજુ કરવો જરૂરી નથી પરંતુ આ અનુમાનનું ખંડન કરવા ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલા પુરાવા ઉપર પણ આરોપી આધાર રાખી શકે છે. તકરારી ચેક આરોપીએ તેના કાયદેસર રીતે વસુલ કરી શકાય તેવા દેવા કે જવાબદારી પેટે આપેલ ના હોવાનું બતાવવા આરોપીએ તેનો બચાવ વાજબી

હોવાની પ્રતિત કરાવે તેવા પુરાવા કે સંજોગો રેકર્ડ ઉપર લાવવાના રહે છે જેથી એ અનુમાન થઈ શકે કે આવા કોઈ અવેજનું અસ્તિત્વ નથી કે આવા અવેજનું અસ્તિત્વ હોવાનું સંભવિત જણાતું નથી. આમ, આ અધિનિયમની કલમ–૧૩૯ હેઠળના કાનુની અનુમાનને પ્રતિપક્ષ વાજબી અને પ્ર તિતિજન્ય રીતે ખંડીત કરી શકેલ છે કે કેમ? તે પ્રત્યેક કેસમાં રજુ થયેલ પુરાવાની વિગતો ઉપર અવલંબે છે.

**(૧૯)** આમ ઉપરોકત રજુ થયેલ ચુકાદાઓને ધ્યાને લેતાં, આં ક– ૧૫વાળો તકરારી ચેક આરોપીએ તેના કાયદેસરના દેવા/જવાબદારી પેટે ફરિયાદીને આપેલ હોવાનુ અનુમાન કરવાનુ રહે છે પરન્તુ આ અનુમાનથી વિરૂધ્ધનો પુરાવો રજુ કરવાથી અનુમાનનુ ખંડન થઈ શકે છે અને આ અનુમાનનુ ખંડદ્બારાન કરવાની જવાબદારી આરોપીપક્ષની છે અને તકરારી ચેક આરોપીએ તેના કાયદેસરના દેવા/જવાબદારી પેટે ફરિયાદીને આપેલ ન હતો તે પુરવાર કરવાની જવાબદારી આરોપી પક્ષ ઉપર રહેલી છે.

## ફરીયાદીના દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન

**(૨૦)** આ કામે ફરીયાદીએ આંક– ૧૫થી તકરારી ચેક નં . ૧૪૫૬૦૪નો રજુ કરેલ છે. જેમાં આરોપીની સહી નથી તે બાબતે પ્લીમાં કે તેઓ દ્બારા રજુ વિશેષ નિવેદનમાં કોઈ તકરાર લીધેલ નથી. આમ, સદર દસ્તાવેજને જોતાં અસલ ચેક છે જેમાં આરોપીની સહી છે અને ફરીયાદીના નામથી સદર ચેક આપવામા આવેલ છે. જેથી કાયદાના અનુમાન થી એવુ માની શકાય છે કે સદર ચેક આરોપીએ ફરીયાદીને આપેલ છે.

આમ, ઉપરોક્ત રજુ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતાં આં ક– ૧૫ વાળા ભારતિય સ્ટેટ બેંક વિસનગર શાખાનો ચેક નં. ૧૪૫૬૦૪ નો રૂા. ૨,૫૦,૦૦૦/– નો તા.૧૮/૦૮/૨૦૧૫ નારોજની પાકતી તારીખનો ચેક આપેલ જે ફંડ ઈન્સફીસીયન્ટ હોવાના કારણે બાઉન્સ થયેલ હોવાથી


(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

આંક– ૧૮ વાળી નોટીસ આરોપીને આપેલ જે આરોપીને આંક– ૧૯થી રજુ પોસ્ટ વિભાગના આર.પી.એડી. સ્લીપ તેમજ આંક–૨૦ થી એકનોલેજમેન્ટ કાર્ડ જોતાં નોટીસ બજી ગયેલ હોવાનુ પુરવાર થાય છે. જેથી ધી નેગોશીયેબલ ઈન્ટ્રુમેન્ટ એક્ટ હેઠળની પ્રક્રિયા ફરીયાદી દ્વારા હાથ ધરેલ છે.

વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે **સી.સી. અલવી હાજી વિ. પલ્લાપેટી મોહમ્મદ, ક્રિ.અ.નં.૭૬૭/૨૦૦૭** ના ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે જ્યારે આરોપીએ નોટીસ મળેલ ન હોવાનું જણાવતા હોય તો કોર્ટના સમંસ મળ્યાના ૧૫ દિવસમાં ચેકની રકમ ફરીયાદીને આપી શકે છે જેથી ફરીયાદ રદ થઈ જાય પરંતુ જ્યારે સમંસ મળ્યાના ૧૫ દિવસમાં ચેકની રકમ ફરીયાદીને આપવામાં ન આવે તો આરોપી નોટીસ ન મળેલ હોવા બાબતે, જનરલ ક્લાઉઝીઝ એક્ટની કલમ –૨૭ તેમજ પુરાવા અધિનિયમની કલમ–૧૧૪ ના અનુમાનને, નકારીને તકરાર/વાંધો ફરીયાદના કામે લઈ શકતા નથી.

વધુમાં આંક– ૧૯ થી રજુ આર.પી.એડી. સ્લીપ એવુ જણાઇ આવે છે કે નોટીસ આ કામના આરોપીને મળી ગયેલ છે. જેથી જનરલ કલોજીસ એકટની કલમ–૨૭ તથા પોષ્ટ અધિનિયમ–૧૮૯૮ ની કલમ–૬ મુજબ નોટીસ ખરા સરનામા ઉપર મોકલવામાં આવી હોય ત્યારે તેવુ માની શકાય કે, નોટીસ આરોપીને બજી ગયેલ છે. જેથી મેન્ડેટરી નોટીસની જોગવાઈનું પાલન થયેલુ જણાઈ આવે છે. તેવા સંજોગોમાં આરોપીપક્ષનો આ બચાવ પણ ગ્રાહય રાખવાપાત્ર જણાઈ આવતો નથી.

આ કામે આંક– ૧૬ વાળો રીટર્ન મેમો ધ્યાને લેતાં તેમાં ચેક પરત ફરવાનું કારણ ''ફંડસ ઈનસફીસીયન્ટ'' જણાવેલ છે. આ અંગે **મેસર્સ લક્ષ્મી દેવચેમ વિરુધ્ધ ગુજરાત રાજ્ય (૨૦૧૨) ૧૨ એસસીસી ૩૭૫** નો ચૂકાદો માનસહ વંચાણે લેવામાં આવેલ છે તે ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે, જ્યારે ફંડસ ઈનસફીસીયન્ટના શેરા સાથે ચેક પરત ફરેલ હોય તો ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ –



(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

૧૩૮ મુજબનો ગુનો બને છે અને હાલ ના કેસમાં આરોપી દ્વારા ફરીયાદીને આપેલ ચેક ''ફંડસ ઈનસફીસીયન્ટ'' ના શેરાથી પરત ફરેલ હોય ઉપરોકત ચુકાદો હાલના કેસને લાગે પડે છે.

**( ૨૧ )** આ કામે ફરીયાદીએ પોતાની ફરીયાદને સમર્થનકારી લેખીત–મૌખીક પુરાવા રેકર્ડ ઉપર રજુ કરેલા છે અને આરોપીએ તકરારી ચેકમાં તેમની સહી બાબતે કોઇ તકરાર લીધેલ નથી. જેથી આ સંજોગોમાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં ઠરાવેલ સુચનાઓ અગત્યની છે.

નામદાર સુપ્રિમકોર્ટે **બીર સિંહ વિરૂધ્ધ મુકેશ કુમાર, ૨૦૧૯ એ.આઈ.આર (એસ.સી)-૦-૨૪૪૬** ના ચુકાદામાં એવું ઠરાવેલ છે કે જયારે આરોપી દ્રારા સ્વેચ્છાએ હસ્તાક્ષર કરી કોરા ચેક આપવામાં આવેલ હોય, આરોપી ના કોઈપણ ખંડનાત્મક પુરાવાની ગેરહાજરીમાં, તે નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એકટની કલમ-૧૩૯ હેઠળ કાયેદસરના દેવા માટે આપવામાં આવેલ છે તે અનુમાન કરવામાં આવશે અને ચેક લખનારે કોજન્ટ પુરાવાથી તેનું ખંડન કરેલ નથી જેથી આરોપીએ ચેક જવાબદારી પેટે આપેલ છે તેવુ અનુમાન કરવાનું છે. જો ખરેખર કોઈ કાયદેસરનું લેણું બાકી ન હતું તો પછી આરોપીની સહીવાળો ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવ્યો તે અં ગે આરોપીએ તેમના ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયેના વિશેષ નિવેદન માટે કોઇ હાજર રહેલ ન હોવાથી તેઓના વિશેષ નિવેદનના હક્ક બંધ કરવામાં આવેલ અને આરોપી કેમ ટ્રાયલ દરમિયાન હાજર રહીને ભાગ લીધેલ નથી કે ફરીયાદીને કોઇ ચેક આપેલ નથી ચેકનો ખોટો દુરપયોગ કરી ખોટી ફરીયાદ કરેલ છે પરંતુ ચેકના દુરઉપયોગ બાબત કોઈ પોલીસ ફરિયાદ આરોપીએ કેમ કરેલ નથી? તે હકીકત કેસમાં શંકા ઉતપન્ન કરે છે. એ હકીકત સ્પષ્ટ છે કે તકરારી ચેક આરોપીએ જ ફરીયાદીને આપેલો છે અને તેમાં આરોપીની સહી છે. આમ , આરોપીએ સહી કરેલો ચેક ફરીયાદીને


(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

આપેલ હોય ત્યારે તે ચેક કોઈ અવેજ પેટે આપેલ હશે તેવું અનુમાન કાયદા મુજબ થાય સિવાય કે ફરીયાદપક્ષ આ અનુમાનનું ખંડન કરવામાં સફળ રહે.

વધુમાં નામદાર સુપ્રિમોકર્ટના ચુકાદા **રાજારામ સન/ઓફ શ્રી રામુલુ નાયડુ વિ. મારુથાચાલમ, ક્રિ.અપીલ નં.૧૯૭૮/૨૦૧૩** ના ચુકાદામાં **બીરસીગ વિ. મુકેશકુમાર (૨૦૧૯) ૪ એસ.સી.સી. ૧૯૭, રોહિતભાઈ જીવણલાલ પટેલ વિ. ગુજરાત રાજય (૨૦૧૯) ૧૮ એસ.સી.સી. ૧૦૬, કલામણી ટેક્ષ વિ. પી. બાલાસુબ્રમન્યમ (૨૦૨૧) ૫ એસ.સી.સી.૨૮૩ અને બસલીંગપ્પા વિ. મુદીબસપ્પા** ના ચુકાદાઓ રીફર કરવામાં આવેલ છે. જેમાં એવું ઠરાવેલ છે કે, જયારે એકવાર ચેકની અમલવારી સ્વીકારવામાં આવે તો નેગો ઈન્સુટમેન્ટ એકટની કલમ-૧૩૯ મુજબ ચેક કોઈપણ દેવા અથવા અન્ય જવાબદારીના નિકાલ માટે આપવામાં આવેલ હોવાની ધારણાનું અનુમાન લેવાનું હોય છે અને સદર ધારણાના ખંડન અને સંભવિત બચાવ ઉભો કરવાની જવાબદારી આરોપીઓની હોય છે અને સદર સાબીતીનું માપદંડ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીથી કરવાનું હોય છે. વધુમાં ખંડનાત્મક પુરાવામાં આરોપીએ તેઓના કે ફરીયાદપક્ષ દ્વારા રજુ પુરાવા પર આધાર રાખી શકે છે. વધુમાં આ કામે આરોપીએ કોઈ પુરાવા રજુ કરેલ નથી. જેથી આરોપીએ તેઓના પુરાવા માં કે ફરીયાદી દ્વારા રજુ પુરાવામાં એવી કોઈ ખંડનાત્મક હકીકત લાવવામાં નિષ્ફળ નિવડેલ છે જેનાથી એવુ પુરવાર થતુ હોય કે સદર તકરારી ચેક ફરીયાદીને આપેલ ન હતા.

વધુમાં નામ. સપ્રિમકોર્ટે **શ્રી દત્તાત્રેય વિ. શરણપ્પા, ૨૦૨૪ (૮) એસ.સી.સી. ૫૭૩** ના ચુકાદા મુજબ કલમ-૧૩૮ હેઠળના કેસોમાં બચાવપક્ષની જવાબદારી તેના કેસને વાજબી શંકાથી પરે પુરવાર કરવાની નથી પરંતુ વાજબી શંકા ઉભુ કરવાની હોય છે અને આ કેસની હકીકતોને જોતાં આરોપીએ ફરીયાદ હકીકત અને તેઓની તરફેણમાં રહેલ કાયદાકીય અનુમાનને ખંડનકર્તા અને બચાવ ઉભો કરવામાં સફળ થયેલ નથી. વધુમાં


(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

સદર ચુકાદા મુજબ ચેક ફરિયાદી પાસે કેવી રીતે આવેલ તે માટે આરોપી એ કોઇ ખંડનાત્મક પુરાવા રેકર્ડ પર લાવેલ નથી.

**(૨૨)** આંક- ૧૫ ભારતિય સ્ટેટ બેંક વિસનગર શાખાનો ચેક નં. ૧૪૫૬૦૪ નો રૂા. ૨,૫૦,૦૦૦/- નો તા.૧૮/૦૮/૨૦૧૫ નારોજની પાકતી તારીખનો નો તકરારી ચેક જોતા તેમાં કોઈ જ પ્રકારની ચેકચાક જણાતી નથી. જ્યારે આરોપીના ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવેલ તે બાબતનું કોઈ કોજન્ટ પુરાવો ન હોય ત્યારે કલમ -૧૧૮ અને કલમ - ૧૩૯ નું અનુમાન તેના વિરુધ્ધમાં થાય.

**(૨૩)** વધુમાં, **ઉત્તમ (સુપ્રા)** ના ચુકાદામાં નામ.સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે સીવીલ કોર્ટ સમક્ષ દેવુ પુરવાર કરવાની જવાબદારી હોય તેવી રીતે નેગો ઈન્સ્ટુમેન્ટની કલમ- ૧૩૮ ના કેસમાં ફરીયાદી ઉપર દેવાની રકમ પુરવાર કરવાની જવાબદારી રહેતી નથી. આમ હાલના કામે આં ક- ૧૫ ના ચેકમાં આરોપીની સહી છે તે હકીકત બીનતકરારી છે જેથી નેગોશીયેબલ ઈન્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ - ૧૧૮ અને ૧૩૯ હેઠળ ચેક કાયદેસરના દેવા પેટેનો છે તેવુ અનુમાન કરવામાં આવેલ છે. આ કામે આરોપીએ તેમની વિરૂધ્ધના કાનુની અનુમાનોનું ખંડન કરી શકેલ નથી.

**(૨૪)** આમ, ફરિયાદી તકરારી ચેક તેમના કાયદેસરના લેણા પેટે ધરાવતા હોવાનુ પુરવાર કરતા હોય અને આરોપીઓએ તેમના દ્વારા નિભાવવામાં આવતા ખાતાનો આ ચેક તેમના કાયેસરના લેણા પેટે ફરિયાદીને આપેલાનુ પુરવાર થતુ હોય તેમજ ફરિયાદ પક્ષ દ્વારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના પ્રોવાઈઝો એ,બી અને સી ની જોગવાઈઓનુ પાલન કરવામાં આવેલ હોઈ ફરિયાદપક્ષ એ નિઃશંકપણે પુરવાર કરી શકેલા છે કે,આરોપીએ ફરિયાદી ભારતિય સ્ટેટ બેંક વિસનગર શાખાનો ચેક નં. ૧૪૫૬૦૪ નો રૂા.

૨,૫૦,૦૦૦/- નો તા.૧૮/૦૮/૨૦૧૫ નારોજની પાકતી તારીખનો ફરિયાદીને આરોપીએ સહી કરી આપેલો, તે ચેક ફરિયાદીએ તેમની બેંકમાં જમા કરાવતા '' ફંડસ ઈનસફીસીયન્ટ ''ના શેરા સાથે ચેક પરત ફરતા ફરિયાદીએ આરોપીને કાયદેસરની નોટીસ આપવા છતાં આરોપીએ ચેકના નાણાં ના ચુકવી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. જેથી, મુદ્દા નં. ૧ નો જવાબ 'હકારમાં' આપવામાં આવેલ છે.

**મુદ્દા નં. ૨:-**

**(૨૫)** મુદ્દા નં. ૧ના નિર્ણયને આધિન મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**।। આખરી હુકમ ।।**

1. આરોપી પટેલ અલ્પેશકુમાર દશરથલાલ, રહે.દેણપ, ઠે.ચદરીપુર, તા.વિસનગર, જિ.મહેસાણા નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવે છે.
2. આરોપીઓની સજા વિશે સાંભળવા ચુકાદો મુલત્વી.

ઉપરોકત હુકમ આજરોજ ખુલ્લી અદાલત મધ્યે જાહેર કર્યો.

સ્થળ - વિસનગર
તા.૦૯/૦૪/૨૦૨૬

(ડો. ગંગા દત્ત શર્મા)
એડી.ચીફ. જ્યુડી. મેજીસ્ટ્રેટ
વિસનગર. જિ.મહેસાણા.
CODE-GJ01360

## સજા અંગે નો હુકમ

ફરીયાદીના વિ. વકીલ શ્રીની દલીલ એવી છે કે, આ કામના ફરીયાદીને તેઓનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ છે જેથી આરોપીને મહત્તમ સજા કરવી જોઇએ અને ચેકની રકમનું વળતર અપાવવું જોઇએ.

આરોપીના વિ. વકીલ શ્રી નો વારંવાર પોકાર કરવા છતાં કોઇ હાજર રહેલ ન હોવાથી દલીલનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

ફરીયાદી પક્ષની રજુઆતો ધ્યાને લેતાં અને કેસના સંજોગો ધ્યાને લેતાં તેમજ આ અધિનિયમની જોગવાઇનો હેતુ અને ઉદ્ધેશ જોતાં દિન પ્રતિદિન આ પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધી રહેલું છે તે જોતાં ફરીયાદનું સ્વરૂપ, ગુનાનો પ્રકાર અને રજુ થયેલો પુરાવો ધ્યાને લેતાં તેમજ ફરીયાદ પક્ષે આર્થિક નુકશાન સહન કરેલ હોય તેવું સ્પષ્ટ બનેલ છે. આ સંજોગોમાં આરોપીને ન્યુનતમ સજા ના કરતાં અને આરોપીન મહત્તમ સજા ના કરતાં આરોપીને આ ગુનો આચર્યાનો અહેસાસ થાય તેવી સજા ફરમાવવામાં આવે તો ન્યાયનો હેતુ પાર પડે તેમ આ અદાલતનું માનવું છે.

આમ, ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લઇ તથા હાલના કેસના સંજોગો ધ્યાને લઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

1) આરોપી પટેલ અલ્પેશકુમાર દશરથલાલ, રહે.દેણપ, હે.ચદરીપુર, તા.વિસનગર, જિ.મહેસાણાવાળાને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ૧ વર્ષની સાદી કેદની સજા અને ચેક રકમની રકમ વળતર પેટે ફરીયાદીને ચુકવી આપવા ફરમાવવામાં આવે છે.



(ડો.ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર

2) આરોપીઓ વળતરની રકમ દિન–૩૦ માં ફરીયાદીને ચુકવી આપવી અને કસુર કર્યેથી વધુ ૩(ત્રણ) માસની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે.

3) આરોપીએ જો આ ગુનામાં જેલમાં સમય ગાળેલ હોય તો તે સમય સજામાં મજરે આપવો.

4) આ ચુકાદાની એક નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

ઉપરોકત હુકમ આજરોજ ખુલ્લી અદાલત મધ્યે જાહેર કર્યો.

સ્થળ – વિસનગર
તા.૦૯/૦૪/૨૦૨૬

(ડો. ગંગા દત્ત શર્મા)
એડી.ચીફ. જ્યુડી. મેજીસ્ટ્રેટ
વિસનગર. જિ.મહેસાણા.
CODE-GJ01360